દિવ્ય ભાસ્કર વડોદરા 25-12-2025

# મ.સ.યુનિ.ના પેવેલિયન ખાતે સાઈકોલોજી ફેકલ્ટીમાં રમત-ગમત દિવસનું આયોજન



શહેરની મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના શિક્ષણ અને મનોવિજ્ઞાન વિભાગ દ્વારા આયોજિત રમતગમત દિવસનો કાર્યક્રમ સવારે 8 વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધી ચાલેલા આ કાર્યક્રમમાં વિભાગના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડૉ.જયપ્રકાશ સોનીના હસ્તે કરવામાં આવ્યું હતું. વિશેષ મહેમાન તરીકે રાષ્ટ્રીય સ્તરે પેરા ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક વિજેતા ગરિમા વ્યાસે પણ વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.